
રૂપેરી દાઢીવાળા બાળક

પુષ્પાવતી દેસાઈ



આપણી બાળ ગ્રંથમાળા
ભરૂચ.

પુસ્તક ૨

[સંપાદકો]
ભાઈલાલ પટેલ
પુષ્પાવતી દેસાઈ

નિવેદન

ત્રીજા વર્ષનું આ બીજું પુસ્તક.

તમે ચાલો હિમાલયે ભા. ૧-૨ તેમજ નાનપણની વાતો વાંચી હશે જેમણે આ ચોપડીઓ લખી છે તેમણેજ આ પુસ્તક લખ્યું છે.

પુસ્તક ઘણું મજાનું છે. તે તમને જરૂર ગમશે.

જાન્યુઆરી
૧૯૪૦
ભરૂચ.

લી. સંચાલકો,
ભાઇલાલ પટેલ
પદ્માવતી દેસાઇ

રૂપેરી દાઢીવાળા બાળક

[illegible]

પદ્મભાવતી દેસાઇ

: પ્રકાશક :

પદ્મભાવતી દેસાઈ.
' આપણું બાળ કાર્ય મંદિર '
ચિંગસપુરા-ભરૂચ.

કિંમત ૦-૩-૦

મુદ્રણસ્થાનઃ રામચંદ્ર એન્ડ બ્રધર્સનું
શ્રી પદ્મવિલાસ પ્રિ. પ્રેસ.
વડાપાડા રોડ–ભરૂચ.

: મુદ્રક :
રામચંદ્ર નરોતમદાસ.

પદ્‌માવતીના પુસ્તકો.

રૂપેરી દાઢીવાળા બાળક.

બાળક અને તે પાછા રૂપેરી દાઢીવાળા? એ કેમ હોય? દાઢી તો મોટા મરદને હોય. અને રૂપેરી એટલે સફેદ વાળ કોના થાય? ઘરડા માણસના.

વાત ખરી છે. એ દાઢી ઉગે એટલા મોટા હતા. અને રૂપેરી દાઢી થાય એટલા ઘરડા હતા. છતાં તે જુવાન હતા, ને બાળક પણ હતા. ઉમ્મરે એ વૃદ્ધ હતા. પણ કામ જુવાન માણસ જેટલું કરતા. જેટલો જુવાનને ઉત્સાહ હોય એટલો એમનામાં ઉત્સાહ હતો. તે બાળક જેવા નિર્દોષ હતા, સરળ હતા, આનંદી હતા. અભિમાનનું એમનામાં નામ ન હતું.

એ દાઢીવાળા વ્હોરાજી હતા. પણ વ્હોરાજીજ રહ્યા ન હતા. હિન્દી બની ગયા હતા.

એ ગુજરાતી હતા. કાલી ઘેલી–બાળકો જેવી–ગુજરાતી ભાષા એ બોલતા. ઘરમાં બધા ઉરદુ બોલતા એટલે ઉરદુનો એમને બહુ મહાવરો હતો. અંગ્રેજી તો એમનું પોતાનું હતું કેમ કે એ ઇંગ્લાંડમાં ભણ્યા હતા.

એ મોટા અમલદાર હતા, એમને બધા સાહેબ કહેતા છતાં એ સેવક થઇને રહેતા હતા.

એવા એ રૂપેરી દાઢીવાળા ઘરડા છતાં બાળક જેવા સ્વભાવના ગુજરાતી સાહેબનું નામ અબ્બાસ તૈયબજી હતું.

હમણાં થોડાજ વર્ષો પર તો એ હતા.

તૈયબજી એમના દાદા હતા. એમનું ખરૂં નામ તૈયબઅલી અંગ્રેજો એમને તૈયબજી કહે. પારસીઓ તૈયબજી કહે એટલે પછી બધા તૈયબજી કહેવા લાગ્યા. આ તૈયબજી દાદા મોટા માણસ થઈ ગયા. એ

ગરીબમાંથી અમીર થયા અને દિકરાઓને અને દિકરાના દિકરાઓને બધાને અમીર બનાવ્યા. તૈયબજી શેઠ સાહસિક વેપારી હતા. અક્કલવાળા હતા.

ખંભાતમાં એમનું ઘર હતું. એ નાના હતા ત્યારે એમના બાપુ એમને, એમની માને અને એમના ભાઇને મુકીને મુંબાઇ કમાવા ગયા. ત્યારે એ બહુ ગરીબ હતા. કુરાનની નકલો કરતા અને ગુજરાન ચલાવતા. કુરાન મુસલમાનોનું ધર્મ–પુસ્તક છે. હિન્દુઓની ગીતાજી જેવું.

પછીથી તૈયબજી શેઠ પણ મુંબાઈ ગયા. થોડા દહાડા ફેરી ફર્યા ને કંઈ કમાયા. પછી સીવેલા તૈયાર કપડાની દુકાન કાઢી એમાં સારૂ કમાયા અને એમ કરતાં આગળ વધ્યા.

મુંબાઇમાં ખેતવાડી નામે એક મહોલ્લો છે એમાં એમણે થોડા ઘર વસાવ્યા. ત્યાં ગાડીઓ રાખી, ઘોડા રાખ્યા, વાડી કરી, બગીચા કર્યા. તૈયબજી શેઠને ઘોડેસ્વારીનો શોખ, એમના દીકરાઓને પણ શોખ. એ શોખ આપણા અબ્બાસ સાહેબમાં પણ ઉતરેલો.

તૈયબજી શેઠને ૬ દિકરા હતા. ચાર દિકરીઓ હતી. કુટુંબ બહુ મોટું હતું. બધા ખેતવાડીના ઘરોમાં રહેતાં.

એમના બીજા પુત્રનું નામ શમ્સુદ્દીન, શમ્સુદ્દીનના દિકરા અબ્બાસ.

અબ્બાસ ચાર વર્ષના હતા ને એમનાં મા માંદાં પડયાં. પાંચ વર્ષના બાળક અબ્બાસને મુકીને મા ગુજરી ગયાં. અબ્બાસ મુંબાઈમાં દાદા પાસે રહેતા.

નમાયા અબ્બાસ! કોણ એમને સંભાળે? દાદી અમીનાબીબી સંભાળ રાખતાં, મોટાં કાકી સંભાળતાં. સવારના બધાંને ત્યાં ફરે, જોડના ભાઇઓ સાથે રમે. બધાં એમને ખાવાનું આપે.

અવારનવાર ખાયા કરવાથી એ માંદા પડી જતા. એમને તાવ આવતો. લોહીની ગાંઠો બંધાઇ જતી.

નાનપણમાં માંદા રહેવાથી નીચા બાંધાના રહ્યા. શરીર નાજુક થયું અને માથુ મોટું બન્યું. પાછળથી એ શરીરને એમણે ખડતલ બનાવ્યું.

તૈયબજી શેઠ ચુસ્ત મુસલમાન હતા. એમના વખતમાં એમના કુટુમ્બમાં ગુજરાતી બોલવા લખવાનો વ્યવહાર હતો પણ ઉરદુ અને ફારસી જાણવું જોઇએ. એમણે કુટુંબના બાળકો માટે ઉરદુ અને ફારસી શીખવવા શિક્ષક રાખેલા. એક શિક્ષક કુરાન ભણાવવા પણ રાખેલા.

કુરાનના શિક્ષક કાળા હતા. તેથી એમને છોકરાંઓ 'કાલા ઉસ્તાદ' થી ઓળખતા. કુરાનના શિક્ષક જેવા સ્વરૂપે શ્યામ હતાં તેવાજ સ્વભાવે પણ ક્રુર અને કડક હતા. છોકરાઓને ચામડાને પટે ને પટે મારતા. વાંક હોય તોયે મારે ને વાંક ન હોય તોય મારે. ફટકારેજ પાર રાખતા.

કાલા ઉસ્તાદ બપોર થાય ત્યારે ઘોરવા માંડે અને ઉઠે ત્યારે પાછા ફટકારવા માંડે. છોકરાઓ કહે "पन हय कया? हमने कुछ नहि कीया ॥"

ઉસ્તાદ—"मैं जब सोताथा तब तुम लोग कया करतेथे? कुछ नहि तो बातें तो करतेहि होंगे?"

જોઈ લો આ નમુનો! શિક્ષક ઉંઘે ત્યારે વિદ્યાર્થીઓ શું કરે? અપરાધ કોનો?

એ લોકો એક મોટા દિવાનખાનામાં ભણવા બેસતા ત્યાં મોટા મોટા અરીસાઓ હતા. મુંબાઈમાં ચકલાં ને કબુતરોનું બહુ જોર છે. અરીસા ઉપર ચકલાં આવીને બેસે ને તોફાન કરે. ઉસ્તાદજી છોકરાંઓને ચકલા પકડવાનું કહે અને બદલામાં છુટ્ટીની લાલચ આપે. છુટ્ટી કોને ન ગમે? હું ભાઈ! છોકરાં બધા ઉઠીને દોડતાં દોડતાં બારી બારણા બંધ કરે એટલે ઉડી જતાં ઉડી જતાં એક બે ચકલી

પુરાઈ જાય. ઉસ્તાદ એને પકડે. તરત રસોડામાં પહોંચે અને શેકીને છોકરાઓની સામે આવીને એકલા એકલા ખાય!

વાડીમાં જામફળનાં ઝાડ હતાં. વર્ગના ઓરડાની બારીમાંથી જામફળ લટકતા દેખાય. જામફળ પાકે એટલે ઉસ્તાદના મોંમાં પાણી આવે. છોકરાંઓને જામફળ તોડી લાવવાનો હુકમ કરે.

અબ્બાસ શરીરે બધાથી પાતળા. તરતજ જામફળી પર ચઢે. જામફળ તોડી લાવે પણ બધા ઉસ્તાદજીજ ચપાટી જાય. પાકા પાકા જામફળ, પોતાની વાડીના, પોતે જાતે તોડે છતાં ખાઇ ઉસ્તાદજી અને તેય એમની સામેજ.

બદલામાં રજા મળે. છોકરાંઓ ઉસ્તાદની બલામાંથી છુટે. આ ઉસ્તાદ ધર્મનું શિક્ષણ આ ! એની શી અસર થાય? પોતે તો અધર્મજ કરે.

બીજા શિક્ષક ફારસી અને ઉરદુ શીખવવા આવે. એ કાલા ઉસ્તાદની માફક મારતા નહિ.

કુટુંબના આઠ દસ છોકરા વહેલી સવારે પાંચ વાગે ઉઠે કેમકે ઉરદુના ઉસ્તાદ વહેલા આવે. અરધા ઊંઘમાં ને પરાણે ભણે. એમને એ ભણેલું પણ કંઈ યાદ રહે નહિ.

પછી વળી નિશાળનું લફરૂં વધ્યું. સવારે શિક્ષક, સાંજના શિક્ષક અને બપોરે નિશાળ. આખો દીવસ બસ ભણ ભણ. પાંચ વાગે ઉઠે ને દસ વાગે નિશાળે જાય. ખાવાનું પણ સરખું ન મળે. મોટાઓ મોડું ખાય એટલે બબરચી બનાવે પણ ધીમે ધીમે. રસોડામાં જઈ તોફાન મચાવે અને જે હાથમાં આવે તે ખાઇને નિશાળે જાય.

અબ્બાસે અંગ્રેજી શીખવા માંડેલું. અંગ્રેજીમાં એમની જોડણી બહુ કાચી હતી. એ કહેતા કે હું વિલાયત જઈ આવ્યો તોયે મ્હારી જોડણીની કચાશ તો રહીજ ગઈ.

દાદાની વાડીમાં એક પપનસનું પણ ઝાડ હતું. એની એક ડાળી રસ્તાપર નીચી વળી ગઇ હતી. એક મોટું મઝાનું પપનસ એને લાગ્યું હતું. રસ્તે જતા આવતા લોકોનો હાથ પહોંચે એમ એ લટકી રહ્યું હતું.

આપણા અભ્યાસ સાહેબની ધ્યાનમાં એ આવેલું. પણ પોતે ભાઇ સાહેબ છાનીચરી, ડાહ્યા ડમરા થઇને ફરે, કંઇ બોલે નહિ. રોજ એજ એ તરફ બધાં છોકરાંને લઇને રમવા જાય. એમ કરતાં એમના કોઇના છોકરાએ પપનસ જોયું. એનું નામ અબદુલ હુસેન. એ હોળીનું નાળીએર થયો. એણે બધાંને ચઢાવ્યા. પપનસ તોડવું, ખાવું પણ કોઇને કહેવું નહિ. કેમકે દાદાજી જાણે તો વઢે!

પપનસ તોડયું અને બધાં ગાડીમાં ભરાયાં. અંદર જઇને ખાધું. છાનાં માનાં ભરાયલાં એટલે ખાઇને તરત દોડયા. છોડા ને કચરો બધું ગાડીમાંજ રહી ગયેલું.

દાદાજી એ રસ્તેથીજ રોજ આવે. માથે ફળ લાગે. આજે લાગ્યું નહિ. કેમ? "બોલાવો માળીઓને?" માળીઓ આવ્યા. "કેમ ધ્યાન નથી રાખતા?" પણ માળીઓ બીચારા શું ધ્યાન રાખે? ઘરના ચોરને કેવી રીતે પકડે?

આખરે ચોર પકડાયા. તૈયબજી શેઠ ગાડીમાં બેસવા ગયા. જુએ તો પપનસના છાલ અને બી. ખબર પડી કોણ ચોર છે તે!

પછી બદલામાં બધાંને થોડો થોડો "મેથીપાક" મળ્યો.

અબ્બાસ સાહેબના પિતાએ ફરીથી લગ્ન કરેલા. નવી મા ઉમ્મરે નાનાં હતા. અબ્બાસ સાહેબ એમને શાના ગાંઠે? ખુબ તોફાન કરે. પજવે. માર પણ પડે; ત્યારે કહે શું? ભાઈ ગમે તેટલું પણ ઓરમાન માને! એને શાની લાગણી હોય!

પણ મોટા થયા પછી પોતે કહેતા કે હું પણ કંઈ ઓછો ન હોતો.

અબ્બાસ સાહેબના બધા બાપ કાકાઓમાં બે કાકા બહુ જાણીતા થયા છે. એક કમરૂદ્દીન કાકા અને બીજા બદ્રુદ્દીન કાકા.

કમરૂદ્દીન કાકા વિલાયત જઈ આવેલા હતા. એમના વિચાર બહુ આગળ વધેલા હતા. એમને વિદ્યાપર બહુ પ્રેમ હતો. સ્વચ્છતા, સ્વતંત્રતા, સારી રીતભાત એ બધું અબ્બાસ સાહેબને એમની પાસેથી શીખવાનું મળેલું.

એ વિલાયતથી આવ્યા ત્યારે એક અંગ્રેજ એમની સાથે આવેલા. એનું નામ ગ્રીન સાહેબ. એ રોજ ઘેર આવતા અને કમરૂદ્દીન કાકા એમની સાથે મુક્કાબાજી રમતા.

નાના બાળકોને સાહેબોની બીક લાગે છે કેમ કે જો સાહેબ આવ્યો! સાહેબ આવ્યો! એમ કહીને એમને અંગ્રેજોની બીક બતાવવામાં આવે છે.

આ ગ્રીન સાહેબ સાથે રોજ કાકાને ઘરમાં મળતાં, મુકતા અને રમતા જુએ એટલે તૈયબજી શેઠના બાળકોની બીક તો જતીજ રહી હતી.

એક દિવસે એક ગોરો માણસ એમને ત્યાં આવ્યો અને નોકર સાથે તકરાર કરવા લાગ્યો. હો હા સાંભળી અબ્બાસ ત્યાં જઈ ચઢયા. પેલો અંગ્રેજ કહે, "તૈયબજીને કહેજો આ નળ બગડયો છે તે દુરસ્ત કરાવે નહિ તો હું કપાવી નખાવીશ." અબ્બાસને તો આ સાંભળી મઝાહ પડી. કુદતા કુદતા ગયા દાદાજીની પાસે "તમારો નળ કાપી નાખશે હવે શું કરશો? કેવી મઝાહ!"

દાદાજીએ પુછ્યું, "પણ છે શું?"

અબ્બાસે બધી વાત કરી. દાદાજી કંઇ બોલ્યા નહિ.

બે ત્રણ દિવસ પછી પેલો ગોરો પાછો આવ્યો. પાછી બુમાબુમ કરવા લાગ્યો. દાદાજી કરાવતા હજામત. એ કાંઈ બોલ્યા નહિ. કંઈ ગણકાર્યું નહિ. એટલે પેલા અંગ્રેજનો રોફ વધ્યો. એના હાથમાં હતી ચાબુક, એ એણે ઉગામી અને ગમે તેમ ધમકાવવા લાગ્યો.

એના હાથમાં ચાબુક દેખી એટલે તૈયબજી શેઠના ઘોડાવાળાઓ ગયા તબેલામાં અને પોત પોતાની ચાબુક લઈ આવ્યા.

એને ખુબ માર્યો, ખુબ માર્યો પણ બંદો ચુંકે ચાં કરે નહિ. ફક્ત ગણે, વન, ટુ, થ્રી. મારનારા ગણે, વન, ટુ, થ્રી.

છોકરાંઓ પણ ત્યાં ભેગા થઈ ગયા. એ પણ બોલવા લાગ્યા, વન, ટુ, થ્રી. દાદાજીએ આ નાટક બંધ કરાવ્યું. એને પોલીસ ચોકી પર લઈ જવાનું કહ્યું પણ બારણે નીકળતાંજ એ હાથ છટકાવી નાઠો. ગયો તે ગયોજ ફરી દેખાયો નહિ.

આ બનાવ પછી તો છોકરાંઓને ગોરાઓની બીક બીલકુલ રહી નહિ. ઉલટું એમને લાગ્યું કે ગોરાઓ કંઈ આપણાથી મોટા નથી, આપણાથી જોરાવર નથી. એ શાના આપણા પર રોફ મારે?

એમના બીજા કાકા બદ્રૂદ્દીન કરીને હતા. અબ્બાસની તબીયત નબળી રહેતી હતી. એટલે એમની સાથે એમને વિલાયત મોકલ્યા. ત્યારે અબ્બાસની ઉમ્મર ફક્ત ૧૧ વર્ષની હતી.

૩ જી નવેમ્બરે એ વિલાયત પહોંચ્યા. તે દિવસે આકાશમાં ધુમ્મસ વ્યાપી ગયું હતું. સૂરજ નારાયણ તો પુરા દેખાય પણ નહિ. અહીં રોજ આવું રહે છે એમ કાકાએ કહ્યું. ત્યારે તો અબ્બાસ ગભરાઈ ગયા અને રડી પડયા.

હિન્દુસ્તાનમાં રોજ લાલ લાલ સૂર્ય દેખાય, ભુરૂં ભુરૂં આકાશ દેખાય, બદનમાં ખાસ્સી ગરમી રહે અહીં આવામાં કેમ રહેવાશે?

આવી ચિંતામાં પહેલો દિવસ પસાર થયો. બીજા દિવસનું વહાણું વાયું. ઉઠીને જુએ છે તો બધે રૂ. રસ્તામાં રૂ. ઝાડપર રૂ. ઘરને છાપરે રૂ. બધે રૂજ રૂ પથરાઈ રહ્યું છે. "કાકા કાકા આ શું? આટલું બધું રૂ કયાંથી આવ્યું?" "ભાઈ એ રૂ ન હોય, એ તો બરફ છે." કાકાએ કહ્યું.

આવા રોજ રોજ નવા દેખાવો અને નવા અનુભવો ૧૧ વર્ષના નાના અબ્બાસને થવા માંડયા પછી તો એ એનાથી હેવાવા લાગ્યા.

પણ ત્યાંની ઠંડી એમનાથી સહન ન થાય ને માંદા પડી આવે. ચાર પાંચ વર્ષ સુધી એમ ચાલ્યું

પણ ઘરનાંએ ગભરાઈ જઈ એમને તેડાવી લીધા નહિ. એમને ત્યાંજ રહેવું પડયું ને ભણવું પડયું. બદ્રુદ્દીન કાકા બેરીસ્ટર થયા ને હિન્દુસ્તાનમાં પાછા આવ્યા તો પણ એ તો ત્યાંજ રહ્યા.

ધીમે ધીમે હવા સદી ૧૭ વર્ષની ઉમ્મર પછી એમની તબીયત સુધરી.

પછી તો ભણવામાં પણ ખૂબ ઝડપ વધી. અંગ્રેજી શીખ્યા, ફ્રેંચ શીખ્યા. ગ્રીક ભાષા શીખ્યા. લેટીન શીખ્યા. ત્યાં મેટ્રીકમાં સારે નંબરે પાસ થયા. આ વખતે એમની ઉમ્મર ૧૮ વર્ષની હતી.

ત્યાર પછી ત્રણ વર્ષમાં તો એ બેરીસ્ટર થયા અને હિન્દુસ્તાન પાછા આવ્યા.

મુંબાઇમાં રહ્યા અને મોટી કચેરી [હાઇ કોર્ટ] માં કામ કરવા માંડયું. હવે નાના અબ્બાસ ૨૧, ૨૨ વર્ષની ઉમ્મરના બેરીસ્ટર સાહેબ બન્યા. અને પછી ઠેઠ સુધી બધા એમને અબ્બાસ સાહેબજ કહેતા.

અબ્બાસ સાહેબને થવું હતું તો આઇ. સી. એસ. આઈ. સી. એસ. એટલે કેવા જાણો છો? આપણે ત્યાં

કલેક્ટર ને કમીશનર સાહેબો બને છે ને તેમના જેટલું એમને ભણવું હતું.

કલેક્ટરોને પગાર સારો મળે છે. બીજી રીતે પણ એમનો હોદ્દો મોટો ગણાય છે પણ એ અંગ્રેજ સરકારના નોકર હોય છે. એમને સરકારનીજ તાબેદારી કરવી પડે છે. એમનાથી જાહેરમાં દેશ સેવા થઇ શકતી નથી.

અબ્બાસ સાહેબને ભવિષ્યમાં દેશ સેવક બનવાનું હતું. એમના બદ્રુદ્દીન કાકા પણ સ્વદેશ પ્રેમી હતા. દેશને માટે વિચાર કરતા એ એમની પાસેથી શીખ્યા હતા.

જો કે એ સીવીલીયનની પરીક્ષામાં બેઠા હતા પણ નપાસ થયા હતા. એટલે બેરીસ્ટરની પરીક્ષા આપી આવ્યા હતા. ઇશ્વર જે કરે તે સારા માટે.

તમે ન્યાય આપનારી કચેરીઓ જોઇ છે? એમાં ન્યાયાધીશ ઉંચા આસને બેસે છે એમાં લોકોની ફરિયાદો આવે છે, લોકો પોતાના તરફથી બોલવા માટે વકીલો રાખે છે. વકીલ અસીલની વતીની

ફરિયાદો ન્યાયાધીશને સંભળાવે છે અને ન્યાયાધીશ એમને ઠીક લાગે તે પ્રમાણે ન્યાય આપે છે.

ગમે તેવા વકીલ કે બેરીસ્ટર હોય પણ ન્યાયાધીશ આગળ સલામ કરીને ઉભા રહેવું પડે છે.

આપણા અબ્બાસ સાહેબના નશીબમાં એવા બેરીસ્ટર નહિ પણ મોટા ન્યાયાધીશ થવાનું હતું.

ચારેક વર્ષ બેરીસ્ટરગિરી કરી. એટલામાં વડોદરામાં ગાયકવાડ સરકાર તરફથી એમને બોલાવવામાં આવ્યા અને એમને ન્યાયાધીશની નોકરી મળી. પહેલા વીશનગરની નાની કચેરીમાં રહ્યા. પછી વડોદરે બોલાવ્યા. અને ધીમે ધીમે મોટી ન્યાયકચેરીના ન્યાયાધીશ થયા.

અબ્બાસ સાહેબ ખરા ન્યાયાધીશ હતા. એ જરાયે અન્યાય ચલાવી લેતા નહિ. એમના હાથ નીચે એક કારકુન હતો. એ મોટો કારકુન હતો. બહુ ગરબડીઓ હતો. સાહેબોને પોતાના હાથ પર રાખે. તેને ફાવે તેવો ન્યાય અપાવે પણ અબ્બાસ સાહેબે એને સીધો કર્યો.

ઘણા અમલદારો લાંચ ખાય છે. લાંચ એટલે હક ઉપરાંત છાનામાના પૈસા લેવા તે. અબ્બાસ સાહેબને એ માટે બહુ ચીઢ હતી. ન્યાયની બાબતમાં એ કોઈની ખાનગી શરમ રાખતા નહિ. આથી એમની વડોદરા રાજ્યમાં આબરૂ બહુ વધી હતી.

એ બહુજ પ્રમાણિક હતા. એક વખત એ ગાયકવાડ સરકાર સાથે વિલાયત ગયા હતા. ગાયકવાડ સરકારને એક બોટ લેવી હતી. ખુબ ફરી માથાકુટ કરી સારી જોઇને એક બોટ ખરીદી. બોટ અપાવનાર માણસ એમની પાસે આવ્યો. અને ૫૦૦ પાઉંડ એટલે આપણા ૬ થી ૭ હઝાર રૂપિયા એમને બક્ષીસ આપવા લાગ્યો. અબ્બાસ સાહેબે એ લેવાની ચોકખી ના પાડી. એમણે વડોદરે એ વાત લખી મોકલી અને બધા રૂપિયા ગાયકવાડ સરકારની ત્રીજોરીમાં ભરાવી દીધા.

બોલો સરકારને શી ખોટ હતી? અને એ કયાં માંગવા ગયા હતા? પણ ના. બીન હક્કનું લેવાય નહિ. એ નિમકહરામી કહેવાય. અબ્બાસ સાહેબ નિમકહરામ નહિ પણ નિમકહલાલ હતા.

નિમક એટલે મીઠું, લુણ. એનો મોટો અર્થ કરીએ તો અન્ન અને એ ઉપરથી પગાર એવો અહીં અર્થ થાય. એ ગાયકવાડ સરકારનો પગાર ખાતા હતા તેથી એમના સાથે એમનાથી દગો ન રમાય. જેનું અન્ન ખાય એનાથી દગો રમે તે નિમકહરામ કહેવાય અને જેનું અન્ન ખાય એનું સાર્થક કરે, એના તરફ સચ્ચાઈથી વર્તે એનું નામ નિમકહલાલ કહેવાય.

નિમકહલાલ એટલે પ્રમાણિક, અબ્બાસ સાહેબ બહુજ પ્રમાણિક હતા.

એ બહુજ તેજ સ્વભાવના અને સ્વતંત્ર મીજાજના હતા.

અબ્બાસ સાહેબને શિકારનો શોખ હતો. કાઠીઆવાડમાં અમરેલી કરીને એક ગામ છે. એ ગાયકવાડી સરકારના તાબાનું છે. એની આજુબાજુ જંગલો છે એમાં હરણો ઘણા છે.

ગાયકવાડ સરકાર એ આપણા દેશી રાજા કહેવાય. એવા હિન્દુસ્તાનમાં લગભગ ૭૦૦ દેશી રાજ્યો છે. એ બધા દેશી રાજ્યો પર અંગ્રેજ સરકાર એક

અમલદાર દેખરેખ રાખવા માટે રાખે છે એને રેસીડેન્ટ કહે છે.

આવા એક ગાયકવાડના રેસીડેન્ટ રોજ જંગલમાં હરણનો શિકાર કરે. એજ જંગલમાં અબ્બાસ સાહેબ પણ જવા લાગ્યા અને શિકાર કરવા લાગ્યા. એ વાત રેસીડંટ સાહેબને કંઇ ગમે ? એમણે કહ્યું શિકારનો પરવાનો રાખો. આપણા અબ્બાસ સાહેબ કહે પરવાનાની જરૂર નથી.

અબ્બાસ સાહેબ ન્યાયાધીશ હતા પણ બહુ સારા માણસ હોવાથી ગાયકવાડ સરકાર (મહુંમ સર સયાજીરાવ ગાયકવાડ, હાલના ગાયકવાડના દાદા થાય.) એમને પોતાની સાથે બે એક વખત વિલાયત લઇ ગયેલા અને બીજે પણ જતા ત્યાં સાથે ઘણે ભાગે રાખતાં.

અબ્બાસ સાહેબનો સ્વભાવ જેટલો તેજ હતો, તેટલોજ નિખાલસ હતો. કોઇનું ખોટું સાંખી લેતા નહિ પોતાની નાની સરખી ભુલ પણ એ કબુલ કરતા. એવા એ નમ્ર હતા. ગાયકવાડ સરકારને એમના ઉપર બહુ વિશ્વાસ બેસી ગયો હતો. એક

વખત તો પોતાની માંદગીમાં એમને ખાસ પોતાની અંગત સંભાળ રાખવા પોતાની પાસેજ રાખ્યા હતા.

ઈ. સ. ૧૮૭૯માં એ મુંબાઈ છોડી ગાયકવાડની નોકરીમાં જોડાયા તે ઈ. સ. ૧૯૧૩માં છુટા થયા. લગભગ ૩૫ વર્ષ એકજ રાજ્યની સેવા કરી. અમલદારી કરી. ઇ. સ. ૧૮૮૫ થી ઈ. સ. ૧૯૧૩ સુધીના છેલ્લા ૨૮ વર્ષો તો એ વડોદરાની હાઈકોર્ટના જજ તરીકે રહ્યા. ત્યાં એમણે સાહ્યબીય ભોગવી અને લોકોનું ભલું પણ બહુ કર્યું.

લગભગ પોતાની ૫૯, ૬૦ વર્ષની ઉમ્મરે એમણે રાજ્યની નોકરી છોડી.

અબ્બાસ સાહેબે પછી શું કર્યું ? એ જાણવા જેવું છે અને ખૂબ જાણવા જેવું છે.

અબ્બાસ સાહેબ એકલા તૈયબજી શેઠના દિકરા હોત. ખૂબ પૈસાવાળા હોત, મોટા બેરીસ્ટર હોત કે એકલા ન્યાયાધીશ હોત તો આજે કેટલા બધા માણસો એમને ઓળખે છે તેટલા એમને ઓળખત નહિ.

અબ્બાસ સાહેબ તો એક સુગંધી ફુલ હતું. એમની સુવાસ તો હવે બહુ ફેલાઈ. ગુજરાતમાં તો ઠેર ઠેર. ફુલને જેમ ખબર નથી હોતી કે મારો બધા લાભ લે છે ને હું બધાંને આનંદ આપુ છું એવું ફુલ નમ્ર છે. એવાજ અબ્બાસ સાહેબ નમ્ર હતા. એમણે પછી સેવા કરવા માંડી. અમલદારમાંથી સેવક થયા. અમીર મટી ને ફકીર બન્યા. અનેકનું ભલું કર્યું. પણ તેનું એમને અભિમાન ન હતું.

બાળક જેવા નિખાલસ અને જુવાન જેવા હોંશિલા, રૂપેરી દાઢીવાળા વૃદ્ધ અબ્બાસ સાહેબ વરડે ઘડપણે કામ કરવા લાગ્યા.

બદ્રુદ્દીન કાકાના સંસ્કારને લીધે એ મહાસભા (કોંગ્રેસ) માં જતા હતા. પહેલેથી.

ઈ. સ. ૧૯૧૫ માં એમણે પહેલ વહેલા મહાત્માજીને જોયા. પરંતુ એ વખતે એમને એમને માટે સારી છાપ પડી નહિ પણ પછીથી એમના પત્નીએ એમને દોરવ્યા.

એમની પત્નીનું નામ અમીના બેગમ હતું. એ એમની બીજી સ્ત્રી હતાં. વળી એમના સગા કાકા

બદ્રદ્દીન કાકાની છોકરી. થાય એમનામાં કાકા કાકાના ભાઈ બેન પરણે છે.

બદ્રુદ્દીન કાકાના દેશ સેવાના સંસ્કારો અમીના બીબીમાં પણ ઉતર્યા હતા. એમને ગાંધીજી માટે થોડું માન થયેલું અને એમની સોબતે પછી તો અબ્બાસ સાહેબને પણ બાપુજી માટે માન વધ્યું અને તે એટલે સુધી કે એમણે પોતાની જીંદગી સુધી એમના સિપાહી તરીકેજ કામ કર્યું છે.

હમણાં જેમ યુરોપમાં લઢાઈ ચાલે છે તેવી ઈ. સ. ૧૯૧૪ થી ઈ. સ. ૧૯૧૮ ના ચાર વર્ષો ચાલેલી. એ લઢાઈ પછી અંગ્રેજ સરકારે હિન્દુસ્તાન માટે એક કાયદો કર્યો હતો. એને કાળો કાયદો કહે છે. એનો વિરોધ કરવા અમરતસરમાં એક સભા મળી હતી. અમરતસર આપણા હિન્દુસ્તાનની ઉત્તરે પંજાબ ઇલાકામાં આવ્યું છે. આ સભાને બળજબરીથી વિખેરી નાંખી હતી. ડાયર નામના સરકારી અમલદારે ગોળીઓ ચલાવી હતી અને એથી ઘણા નિર્દોષ બાળકો, સ્ત્રીઓ અને જુવાનો તેમજ વૃદ્ધો મરી ગયા હતા.

અંગ્રેજોએ આપણને બહુ અન્યાય કર્યો હતો તેથી એની તપાસ કરવા બાપુજીએ અબ્બાસ સાહેબને મોકલ્યા. જાહેર સેવાનું પહેલું કામ એમણે લીધું. અને ત્યાં એમને લાગ્યું કે આ સરકાર અન્યાયી છે. એમનો સ્વભાવ હતો કે એક વખત પોતાને ખરૂં લાગે તો પછી તે પ્રમાણે વર્તેજ.

પછી તો એ ગાંધીજીના અસહકારમાં જોડાયા. ખાદીની ટોપી ને ખાદીનો ઝભ્ભો પહેર્યાં. મહાસભા માટે ફંડ ઉઘરાવવા ઘેરેઘેર ફર્યા. મોટા સાહેબ જેવા રહેલા. નાનપણથી લાડપાનમાં ઉછરેલા તે દેશ માટે દિવસ ને રાત કામ કરવા લાગ્યા. નાના નાના ગામડામાં પગે ચાલીને જાય. માટીના ઝુપડામાં કોઇ વાર રહેવાનું મળે. કોઇવાર ઢોર બાંધેલા હોય એવી જગ્યાએ સુવાનું હોય. કોઈવાર ચોતરાપરજ અડધી રાત વીતી જાય. કોઈવાર દાળભાત ખાવા મળે તો કોઈવાર ખીચડી, કોઈવાર સુકો રોટલો મળે તો કોઈવાર રાબ. જે વખતે જે મળે તેનાથી ચલાવી લેવા માંડયું. એમનું ધ્યાન તો માત્ર કામ પર રહેતું. પોતે જે બોલે તેજ પ્રમાણે કરે એવી એમને ટેવ હતી. મહાસભાનું કામ ધમધોકાર ચલાવવા માટે

રૂ. ૧ કરોડ ભેગા કરવાના હતા. આખા હિન્દુસ્તાનના બધા નેતાઓ એ માટે કામે લાગી ગયા હતા. ગુજરાતમાંથી ગાંધીજીએ ખુબ રૂપિયા ભેગા કરવાનું કહ્યું. અબ્બાસ સાહેબને એ માટે કામ કરવાનું આવ્યું. એમણે કહ્યું કે દરેક માણસ પોતાની મિલ્કતનો સોમો ભાગ આપે તો કંઈ કોઇને ભારે ન પડે. આમ કહીને બેસી ન રહ્યા. તરત વિચાર કરી એમણે પોતે હિસાબ ગણી રૂ. ૩૦૦૦] તરત ભરી દીધા.

આ ઉપરથી એ લક્ષાધિપતિ હતા એ જણાઇ આવે છે. વિલાયતી કાપડ કોઇએ પહેરવું નહિ. હોય તે કપડાં બાળી મુકવા. એમ નક્કી થયું. એટલે અબ્બાસ સાહેબે પોતાના કપડાં પહેલા બાળવા આપ્યા.

એમાં એક ઝભ્ભો અને એક અંગરખો એમની સ્વ. માતા હમીદા બેગમની યાદગીરીના હતા. એ પણ એમણે હોળીમાં આપી દીધા અને મૃત માતાની એટલી સ્મૃતિ પણ હોમી દીધી. આવો એમનો ત્યાગ હતો.

એ દેશ સેવક હતા તોય કોમ સેવક પણ હતા. બન્ને સેવા સાથે કરવામાં એમને વાંધો નહતો આવતો. એમણે ગાયકવાડ સરકાર સાથેની પોતાની લાગવગનો ઉપયોગ કરી વડોદરામાં એક જુમામસીદ બંધાવી. એક બોર્ડિંગ સ્કુલ કાઢી અને પોતાનાજ કુટુંબના પૈસે ચાલતી એક બોર્ડિંગની વ્યવસ્થા પણ એ રાખતા.

ઈ. સ. ૧૯૨૭ માં ગુજરાતમાં રેલ આવી હતી. તે વખતે એમણે હરિજનો, ગરીબ હિન્દુઓ અને મુસલમાનોની ચાલીઓ બંધાવી આપવા વડોદરામાં બહુ મહેનત કરી હતી.

બારડોલીમાં સત્યાગ્રહ શરૂ થયો ત્યારે સરદાર વલ્લભભાઈની સાથે કામ કરવા દોડી ગયા હતા. ત્યાં વલ્લભભાઇના સિપાહી તરીકે ઓળખાવતા. અને સિપાહીના નિયમો પાળતા.

એમને અમુક રીતે રહેવાની પહેલેથી ટેવ એટલે એમને નાસ્તામાં સવારે બીસ્કીટ આપતા એમને ખબર પડી કે બીજા સૈનિકોને બીસ્કીટ નથી મળતા. એ લોકો રોટલો કે ભાખરી ખાય છે. એટલે તરતજ પોતે પણ બીસ્કીટ બંધ કરી ભાખરીજ ખાવા લાગ્યા.

સુરત જીલ્લાની ભીલ જેવી જાત જે રાનીપરજથી ઓળખાય છે એમની પણ એમણે બહુ સેવા કરી છે. ત્યાં ઘેરે ઘેર ફરે. એમના ઘાસના માંડવામાં રહે ને ભડકી પીએ અને એમ કરી એમનામાં ભળી જાય અને એ લોકોના ખરાબ રીવાજો તથા તાડી જેવા વ્યસનો છોડાવવા મથે.

મહાત્માજી જ્યારે દાંડી કૂચ કરવાના હતા ત્યારે છાપામાં એમણે એમનું નામ વાંચ્યું. અબ્બાસ નામે બીજો કોઈ મુસલમાન સૈનિક સાથે જવાનો હતો. અબ્બાસ સાહેબને એ ખબર નહિ. પુરા ૨૪ કલાક પણ પાસે રહેલા નહિ એમને થયું કે મ્હારે જવાનું છે? તો મ્હને કેમ ખબર નહિ આપી હોય? કદાચ કંઈ ભુલ થઈ હશે કે ટપાલ નહિ મળી હોય. ગમે તેમ હોય પણ મ્હારે જવુંજ જોઇએ અને તરતજ વખતસર મહાત્માજી પાસે પહોંચી ગયા.

મહાત્માજીને નવાઈ લાગી. એમણે ગોટાળો સમજાવ્યો અને પાછા ફરવાને વીનવ્યા પણ એ ગયા નહિ.

મહાત્માજીની પછીની સરદારી પોતે લીધી હતી

અને ૭૫ વર્ષની જૈફ (વૃદ્ધ) ઉમ્મરે જેલમાં સીધાવ્યા હતા.

મહાત્માજી સાથે ચળવળમાં જોડાયા એટલે વડોદરામાં એમને મહિને રૂ. ૩૫૦ પેનશન મળતું હતું તે બંધ થયું પણ એની એમણે દરકાર ન કરી.

વડોદરામાં પ્રજાના હક્કો માટે લડનારૂં એક પ્રજા મંડળ છે. એના પ્રમુખ તરીકે પણ એમણે કામ કર્યું હતું. ન્યાય ખાતર એમને પોતાનાજ રાજા સામે થવું પડયું એની એમણે દરકાર ન કરી.

આગળ જણાવ્યું છે તેમ એ બે વખત પરણ્યા હતા. પહેલીવાર એમના કાકા કમરૂદ્દીનની દિકરી અસરફ ઉન્નિસા સાથે એનાથી એમને બે પુત્રો થયેલા છે અને બીજાં પત્ની અમીના બેગમથી એક પુત્ર અને ત્રણ પુત્રીઓ થયા છે.

એમના પિતાના નામ ઉપરથી એમના મ્હોટા દિકરાનું નામ શમ્સુદ્દીનજ રાખવામાં આવ્યું હતું. એમની પુત્રી હમીદા બેન દેશ સેવામાં જોડાયાં છે.

એમના એક દિકરી રૈહાના બેન કરીને છે એમણે લગ્ન કર્યાં નથી. એમને હિન્દુ ધર્મ બહુ ગમે છે. એ કૃષ્ણનાં ભક્ત છે. અબ્બાસ સાહેબ ચુસ્ત મુસલમાન હતાં. છતાં ધર્મ, રહેણી કરણી અને વિચારોની બાબતમાં સ્વતંત્રતામાં માનનારા હોવાથી રૈહાના બેન શ્રી કૃષ્ણનાં ભક્ત બને એમાં એમણે કદી વાંધો ઉઠાવ્યો નથી.

એમની બીજી બે દિકરીઓએ લગ્ન કર્યા છે અને એ પણ જુદી જુદી રીતે દેશ સેવા કરે છે.

અબ્બાસ સાહેબને જ્યારે ૮૦ વર્ષ થયા ત્યારે ગુજરાતે એમની જયંતી ઉજવી હતી અને દીર્ઘાયુષ્ય ઇચ્છયું હતું.

જો કે અત્યારે એ હયાત નથી પણ એમની સેવાથી એમની કીર્તિ અમર રહી ગઇ છે.

બાળકો તમે અબ્બાસ સાહેબની માફક વૃદ્ધ થાઓ એવો આશીર્વાદ છે અને આશીર્વાદ છે કે એવા રૂપેરી વાળ વાળા થાઓ તોય રૂપેરી વાળ વાળા બાળકજ રહેજો.

*કુટુંબ વેલ.

- ભાઇમિયાં—(હુરમતવલી એમના પત્ની)
  - (અતીના બીબી—તૈયબઅલી એમના પત્ની) (જન્મ ઇ. સ. ૧૮૦૩)
    - સુજાઉદ્દીન
    - શમ્સુદ્દીન (હુમીદા બેગમ એમના પત્ની)
      - ઝીનતુનિસા
    - કમરૂદ્દીન
      - અસરફ ઉન્નિસા—અબ્બાસ સાહેબ—(પ્રથમ પત્ની) (જન્મ ઇ. સ. ૧૮૫૪ (અ. સા. નાં) નીં ૧લી ફેબ્રુઆરી) — (બીજાં પત્ની) (અ સા. નાં) અમીના બેગમ
        - શમસુદ્દીન
          - મુખલીસ,
          - હમીદાબેન.
        - સુજાઉદ્દીન
        - સલાહુદ્દીન,
        - શરીફા,
        - રૈહાના,
        - સોહેલા.
    - નઝમુદ્દીન,
    - બદ્રુદ્દીન,
      - અમીના બેગમ
    - અમીરૂદ્દીન,
    - જૈનબબી,
    - સખીનાબી,
      - અબ્દુલ હુસેન
    - ફુલસુમબી,
    - નઝરતુન્નઇમ.
  - ફૈઝ હૈદર

* આ વંશ વેલ આથીય વધુ ફેલાયલી છે. અહીં મળી આવી એવી આપી છે. એટલે અધુરી છે.

અભિપ્રાયો.

—બાળકોના શિક્ષણના અગત્યના મુદ્દાઓને લક્ષમાં રાખીને શાસ્ત્રીય પદ્ધતિથી બાલ સાહિત્ય રજુ કરવા માટે થયેલા પ્રયાસોમાં આપણી બાળ ગ્રંથમાળા પણ એક અગત્યનું સ્થાન મેળવી લ્યે છે. —રવિવાર

—બાળકો જલ્દી ઉકેલી શકે તેવા મોટા અક્ષરોમાં છપાયેલી આ ગ્રંથમાળાની છએ પુસ્તિકાઓ બાલકોને માટે રસદાયક થઈ પડશે. —પ્રજાબંધુ.

—ભાષાશૈલી બાલસુલભ, સહેલી ને સરળ હોઈ વાંચતા વાર્તા વાચનનો રસ અનુભવાય છે, એટલે બાલવાચકોને એનું વાચન ખૂબજ રૂચિકર થઇ પડશે એમ માનીએ છીએ. નાનાં મોટા તમામ પ્રકારના પુસ્તકાલયો તેમજ સંસ્કારી કુટુંબો આને જરૂર ખરીદે ને વંચાવે. —પુસ્તકાલય.

—એકંદરે આ છ પુસ્તકોમાં સુંદર બાલ-સાહિત્ય અપાયું છે અને વિવિધતા પણ સારી રીતે જળવાયાં છે. એક રૂપીઆમાં આટલું સાહિત્ય આપવાનું કામ પ્રશંસાને પાત્ર છે. —જન્મભૂમિ.

વાર્ષિક લવાજમ રૂા. ૧) પુસ્તકો ૬.

—: મળવાનું ઠેકાણું :—

આપણી બાળ ગ્રંથમાળા

ચિંગસપુરા, **ભરૂચ.**

ત્રીજું વર્ષ.

આપણી બાળ ગ્રંથમાળાના પુસ્તકો

વર્ષ ૧લું

- શું શીખ્યા !
- *ગામડામાં
- હિંદી રાષ્ટ્રીય મહાસભા
- બાલવિનોદ
- *ચાલો હિમાલયે ભા. ૧
- ચાલો હિમાલયે ભા. ૨

*ખલાસ થવાથી મળી શકશે નહિ

વર્ષ ૨જું

- કેમ અને શા માટે ?
- આપણો બગીચો
- બાળપણની વાતો
- ભાઈ–બહેન
- ઊડો આકાશમાં
- સાચી વાતો

દરેકની કીં. ૦–૩–૦ પોસ્ટેજ જુદું

ગ્રાહક થનારને રૂ. ૧) માં છ પુસ્તકો પોસ્ટેજ સાથે ઘેર બેઠા મોકલવામાં આવશે.

ત્રીજું વર્ષ.

૧. ગોવિંદ અને [illegible]. ૨. રૂપેરી હાથીવાળા બાળક, દુનિયાનો વરસાદ, અને બીજા ચાર પુસ્તકો.

પુસ્તકો, જાન્યુઆરી ૩, જુન ૩,

વાર્ષિક લવાજમ રૂ. ૧)   પરદેશ શિ. ૩

—: લખવાનું ઠેકાણું :—

આપણી બાળ ગ્રંથમાળા, વિજાપુર ગુજરાત.

શ્રી [illegible] પ્રિ. પ્રેસ—મુંબઈ.